©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

**SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION**

***PUBLISHED BY AUTHORITY***

**VOL. LXVII] THURSDAY, 01st JANUARY, 2026/PAUSHA 11, 1947 [No. 01**

**Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation**

**PART-II EXTRAORDINARY**

## અંજાર વિસ્તાર વિકાસ સત્તામંડળ, અંજાર

### ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૯૯
### ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯ નાં નિયમ-૫૦ની જોગવાઈ હેઠળનાં વિકાસ ચાર્જ

### અધિસુચન

નં. આડા/ટેક/ડેવચાર્જગેઝેટ/૧૫૩૮.–આથી જાહેર જનતાને જણાવવાનું કે, ‘અંજાર વિસ્તાર વિકાસ સત્તામંડળ’ના કાર્યક્ષેત્રમાં આવતી જમીનોનો વિકાસ કરવા અંગે અત્રેની કચેરી માટે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ની કલમ-૧૦૦ હેઠળ સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના પત્ર ક્રમાંક નં. યુડીએ-૧૧૨૦૦૫-૨૯૪૪-વ, તા. ૨૦-૦૬-૨૦૦૭ વાળાથી વિકાસ દર મંજુર થઇ આવેલ છે. જે મુજબ અત્રે ની કચેરી દ્વારા વિકાસ દર વસુલવામાં આવે છે. ત્યાર બાદ સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગ્રુહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધિનગરના તા. ૧૯-૦૧-૨૦૧૬ વાળા જાહેરનામાથી અત્રેની કચેરીની પ્રથમ પુનરાવર્તિત વિકાસ યોજના મંજુર થઇ આવેલ છે.

હાલે અત્રેની કચેરીએ વસુલવાના થતા વિકાસ દરો આશરે ૧૮ વર્ષ પહેલા મંજૂર કરવામાં આવેલ છે. જેમાં વધારો કરવાનું જરૂરી જણાતા, તે અંગે અત્રેની કચેરીની ૪૩મી સામાન્ય સભા, તા. ૧૮-૧૧-૨૦૨૫ ના ઠરાવ નં.-૦૨ થી કાયદાકીય જોગવાઈને ધ્યાને લઈ નીચે દર્શાવ્યા મુજબના દરો સૂચિત કરવા ઠરાવવામાં આવેલ છે.

| ક્રમ | હેતુ | વિસ્તાર | પ્રવર્તમાન વિકાસ દર | | સુચિત વિકાસ દર | |
|---|---|---|---|---|---|---|
| | | | ખુલ્લી જમીન માટે પ્રતિ ચો.મી. દીઠ રૂ. | બાંધકામ ક્ષેત્રફળ માટે બાંધકામ પ્રતિ ચો.મી. દીઠ રૂ. | ખુલ્લી જમીન માટે પ્રતિ ચો.મી. દીઠ રૂ. | બાંધકામ ક્ષેત્રફળ માટે બાંધકામ પ્રતિ ચો.મી. દીઠ રૂ. |
| ૧ | રહેણાંક | ગામતળ | ૪.૦૦ | ૧૦.૦૦ | ૧૦.૦૦ | ૨૦.૦૦ |
| | | મહેસુલી | ૩.૦૦ | ૮.૧૦ | | |
| ૨ | વાણિજ્ય | ગામતળ | ૫.૦૦ | ૧૫.૦૦ | ૧૦.૦૦ | ૩૦.૦૦ |
| | | મહેસુલી | ૫.૦૦ | ૮.૧૦ | | |
| ૩ | ઔધોગિક | ગામતળ | ૪.૦૦ | ૧૨.૦૦ | ૧૦.૦૦ | ૨૫.૦૦ |
| | | મહેસુલી | ૩.૦૦ | ૧૨.૦૦ | | |
| ૪ | અન્ય | ગામતળ | ૩.૦૦ | ૮.૦૦ | ૫.૦૦ | ૧૫.૦૦ |
| | | મહેસુલી | ૨.૦૦ | ૬.૦૦ | | |

જેથી આ અધિસુચના/જાહેર નોટીસ સરકારી અસાધારણ રાજ્યપત્રમાં મુસદ્દાની પ્રસિધ્ધીની તારીખથી ૩ (ત્રણ) માસની અંદર વિકાસ ચાર્જ લેવા માટેની દરખાસ્તનાં મુસદ્દામાં દર્શાવેલ વિકાસ ચાર્જ સંબંધમાં કોઇ વ્યક્તિ કે સંસ્થાને વાંધા કે સુચનો હોય તો આવા લેખિત વાંધા-સૂચનો અને રજુઆત અત્રે મળ્યેથી અને સંબંધિત વ્યક્તિ દ્વારા વિનંતી કરવામાં આવશે તો અંજાર વિસ્તાર વિકાસ સત્તામંડળ, અંજારને મળેલ વાંધા-સૂચનોની વિચારણા કર્યા પછી અને સંબંધિત કોઇ અરજી કરવામાં આવી હોય ત્યારે તમામને યોગ્યલાગે તો તે પ્રમાણે ગુણવત્તાના ધોરણે વ્યક્તિગત રીતે સાંભળ્યા પછી યોગ્ય લાગે તે પ્રમાણે ગુણવત્તાનાં ધોરણે કરવા ધારેલા સુચિત ફેરફારો અંગે રાજ્ય સરકારશ્રીને, વિકાસ ચાર્જ વસૂલ કરવા માટેની દરખાસ્ત મંજૂરી માટે સાદર કરવામાં આવશે.

સરકારી અસાધારણ રાજ્યપત્રમાં પ્રસિધ્ધ થયેલ વિકાસ ચાર્જ લેવા માટેની દરખાસ્તનાં મુસદ્દા અંગેની જાહેર નોટીશ નીચેના સરનામે મૂકવામાં આવશે. તેમજ કચેરીમાં કચેરી સમય દરમિયાન જાહેર જનતાને જોવા માટે ખુલ્લી રાખી સમજાવવાની વ્યવસ્થા કરેલ છે. જેની અંજાર વિસ્તાર વિકાસ સતામંડળ વિસ્તારનાં તમામ નાગરીકો/સબંધિત વ્યક્તિઓએ નોંધ લેવી.

**સહી/- અવાચ્ય**
મુખ્ય કારોબારી અધિકારી
અંજાર વિસ્તાર વિકાસ સત્તામંડળ
અંજાર

**કચેરીનું સરનામું :**

અંજાર વિસ્તાર વિકાસ સતામંડળ
જીઈબી કચેરી સામે, એસ.ટી. બસ સ્ટેન્ડ રોડ,
નયા અંજાર, અંજાર,
તા.અંજાર, જિ.કચ્છ-૩૭૦૧૧૦

---



Signature Not Verified
Signed by : PATEL JAYESHKUMAR RAGHUNATHBHAI
Manager
Government Press & Stationery, Rajkot
Date : 2026.01.03 10:26:38 IST